ગાંધીનગર સમાચાર

## સિટી પલ્સના ભાગીદાર બિલ્ડર પર હિચકારો હુમલો

# શહેરના સેક્ટર-૧૧માં તેલના વિક્રેતાને ત્યાં વેટના દરોડા

**સેક્ટર-૧૧માં તેલના જથ્થાબંધ વિક્રેતાને ત્યા વેટ કમિશનર કચેરીના દરોડામાં અંદાજે ૧ કરોડની વેટ ચોરી પકડાયાની ચર્ચા**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેક્ટર-૧૧ના શોપીંગ કોમ્પ્લેક્ષમાં તેલના જથ્થાબંધ વિક્રેતાને ત્યાં વેટના દરોડામાં મોટી કરચોરી પકડાઈ છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા એક મહિનામાં ૫૦ કરોડથી વધુના બીલો બનતા વેટ વિભાગને શંકા ઉભી થઈ હતી. અને શંકાને આધારે છેલ્લા ૨૪ કલાકથી તપાસ ચાલી રહી છે અને મોડી સાંજે મળતી બિનસત્તાવાર માહિતી મુજબ એક કરોડથી વધુની કરચોરી કબૂલાયાનું કહેવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આર. કે. ટ્રેડર્સ નામની તેલ વિક્રેતાની કંપનીની શાખા સેક્ટર-૧૧માં આવેલી છે. જેમનો મુળ વ્યવસાય મહેસાણા જિલ્લાના કડી ખાતે છે. કડીના દરોડના પગલે ગાંધીનગર બ્રાન્ચમાં મંગળવાર સાંજથી તપાસનો આરંભ થયો હતો.

તપાસ દરમિયાન અધિકારીઓને વેટ ચોરીની શંકા જતા અને એક મહિના દરમિયાન મોટા ટર્નઓવરના કારણે અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ આરંભી હતી. તપાસ દરમિયાન વિક્રેતા દ્વારા ૧ કરોડથી વધુની વેટ ચોરીની કબૂલાત કરી હોવાનું વેપારી જગતમાં ચર્ચાઈ રહ્યું છે.

# વૃક્ષો કાપવાના ઉપયોગમાં લેવાતા ૫૦ હથિયારો વન તંત્રએ કબજે લીધા

**પેટ્રોલીંગનો પ્રભાવ : સે-૧થી ૩૦ના વન આરક્ષિત વિસ્તારમાં વૃક્ષો કાપતા તત્વો હથિયારો મુકીને નાસી જતા તંત્રએ હથિયારો જમા લીધા**

ગાંધીનગર તા ૩

વન તંત્ર દ્વારા શહેરમાં વૃક્ષોની કટોતી અટકાવવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આ માટે તંત્ર દ્વારા બીડ ગાર્ડની ટીમ બનાવી પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. વન તંત્રની ટીમના પેટ્રોલીંગ દરમિયાન વૃક્ષો કાપતા તત્વો પાસેથી ૫૦ જેટલા હથિયારો પણ કબજે લેવાયા છે. બીટ ગાર્ડના રાઉન્ડ દરમિયાન સ્થળ પર હથિયારો મુકી તત્વો પલાયન થઈ ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

હરિયાળા ગાધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી વૃક્ષ છેદનની પ્રવૃતિઓ વધતા નગરના પ્રકૃતિ પ્રમીઓમાં પણ ઘોર નારાજગી વ્યાપી છે. વન તંત્રને પણ વૃક્ષો કપાતા હોવાની વ્યાપક ફરિયાદો મળી છે. જયારે આ ફરિયાદોને ધ્યાને લઈ તંત્ર

● અનુસંધાન પાન-૭ પર

# વિદ્યાર્થીઓને ડિપ્રેશનમાંથી ઉગારવા માટે ૬ ફેબ્રુઆરીએ આઈ.જી.ની ટેલીકોન્ફરન્સ

ગાંધીનગર તા ૩

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાને હવે ગણતરીના દિવસો બાકી રહયા છે.ત્યારે વિદ્યાર્થીઓ તૈયારીમાં લાગી ગયા છે. બીજીતરફ પરિક્ષા દરમિયાન ડિપ્રેશનનો ભોગ બની આપઘાત જેવા અવિચારી પગલા ન ભરે અને પરિક્ષાર્થીઓને હતાશામાંથી ઉગારી શકાય તે માટે આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ ટેલીકોન્ફરન્સ યોજવામાં આવશે. જેના આધારે આઈ જી કક્ષાએથી શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. વિદ્યાર્થીઓમાંથી પરિક્ષાનો હાઉ દુર કરવા ઉપરાંત તાણમુકત કરવા પ્રયાસ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## જાહેરાત

આથી જણાવવાનું કે 'બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થા' ગાંધીનગરના કાર્યાલય માટે પૂર્ણ સમયના ત્રણ વર્ષના કરાર ઉપર ઉચ્ચક મહેનતાણાથી નીચે જણાવેલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. (આ કરાર વાર્ષિક સમિક્ષા તથા દર વર્ષે નિયામક દ્વારા નવીકરણને આધીન, ૩-વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે.)

**(૧) ફેકલ્ટી (કુલ જગ્યા - ૨ (બે)) :**

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરિયાત | ● માન્ય યુનિવર્સિટીના સ્નાતક / અનુસ્નાતક જેવા કે એમ.એસ. ડબલ્યુ / ગ્રામીણ વિકાસમાં એમ.એ. / સમાજશાસ્ત્રમાં એમ.એ. / મનોવિજ્ઞાનમાં એમ.એ. / બી.એસ.સી. (વેટરનરી), બી.એસ.સી. (બાગાયત), બી.એસ.સી. (કૃષિ), બી.એસ.સી. (કૃષિ માર્કેટીંગ) / બી.એ. સાથે બી.એડ. વિગેરે |
| ઉંમર | તારીખ:૧/૧/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ |

**(૨) ઓફીસ આસીસ્ટન્ટ (કુલ જગ્યા - ૨ (બે)) :**

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરિયાત | ● માન્ય યુનિવર્સિટીના સ્નાતક જેવા કે. બી.એસ.ડબલ્યુ/બી.એ./બી.કોમ. સાથે કોમ્પ્યુટરનું જ્ઞાન<br>● મૂળભૂત હિસાબી જ્ઞાન એ જરૂરી લાયકાત છે.<br>● ગુજરાતી ભાષામાં લખવા, વાંચવા તથા બોલવામાં કુશળતા જરૂરી છે.<br>● અંગ્રેજી અને હિન્દીની કુશળતા વધારાની લાયકાત ગણવામાં આવશે.<br>● એમ.એસ. ઓફીસ (વર્ડ અને એક્સેલ), ટેલી અને ઈન્ટરનેટમાં કુશળતા હોવી જરૂરી છે.<br>● ગુજરાતી ફાષામાં ટાઈપીંગની નિપુણતા જરૂરી છે.<br>● હિન્દી/અંગ્રેજી ભાષામાં ટાઈપીંગનું જ્ઞાન વધારાની લાયકાત ગણવામાં આવશે. |
| ઉંમર | તારીખ : ૧/૧/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ |

**(૩) એટેન્ડર (કુલ જગ્યા - ૧ (એક))**

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરિયાત | ● મેટ્રીક પાસ (ધોરણ-૧૦)<br>● ગુજરાતી ભાષા વાંચી તથા લખી શકતા હોવા જરૂરી છે. |
| ઉંમર | તારીખ : ૧/૧/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ |

**(૪) વોચમેન/માળી (કુલ જગ્યા - ૧ (એક)) :**

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરિયાત | ● ધોરણ-૭ પાસ<br>● ખાસ કરીને કૃષિ/બાગકામ/બાગાયતનો અનુભવ જોવો જરૂરી છે. |
| ઉંમર | તારીખ : ૧/૧/૨૦૧૬ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ |

**પસંદગીની પ્રક્રિયા :**

(૧) લેખિત પરીક્ષા (ઉપરોક્ત જગ્યા નં.૧ અને ૨ માટે) : ઉમેદવારનું સામાન્ય જ્ઞાન અને કોમ્પ્યુટરની ક્ષમતાના મૂલ્યાંકન હેતુ.

(૨) વ્યક્તિગત ઈન્ટરવ્યુ (ઉપરોક્ત જગ્યા નં. ૧, ૨, ૩ અને ૪ માટે) : ઉમેદવારની સંપ્રેષણ ક્ષમતા (Communication Skill), નેતૃત્તવ ગુણવત્તા, વૃત્તિસ્થિતિ, પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા અને તાલીમાર્થીઓ સાથે વિચાર વિમર્શની ક્ષમતા તથા વિકાસ પ્રત્યેના અભિગમના મૂલ્યાંકન હેતુ.

(૩) પ્રદર્શન અને રજૂઆત (ઉપરોક્ત જગ્યા નં.૧ માટે) : શિક્ષણ આપવાની કુશળતા અને સંપ્રેષણ ક્ષમતા (Communication Skill)ના મૂલ્યાંકન હેતુ.

રસ ધરાવનાર ઉમેદવારોએ ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી તારીખ : ૨૦/૨/૨૦૧૬ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી સાદી ટપાલ દ્વારા **નિયામકશ્રી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, આરએસઈટીઆઈ, પહેલો માળ, બેંક ઓફ બરોડા ટ્રેનીંગ સેન્ટર, ઉદ્યોગ ભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧** ને જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલો જેવી કે ઉમેદવારની ઉંમર, શૈક્ષણિક લાયકાત, અનુભવ વિગેરે સહિત મોકલવાની રહેશે. ઉપરોક્ત સમયમર્યાદા બાદ મળેલ તથા અધુરી માહિતીવાળી અરજી સ્વીકારવામાં આવશે નહિ અને એવા ઉમેદવારની અરજી રદ ગણવામાં આવશે. અરજી મળવામાં કોઈ વિલંબ માટે સંસ્થાન જવાબદાર રહેશે નહિ. અરજી નિર્ધારિત સમયમર્યાદામાં મળે તે જોવાની જવાબદારી અરજકર્તાની રહેશે. અરજીના કવર ઉપર **'પૂર્ણ સમયના કરાર ઉપર ફેકલ્ટી / ઓફીસ આસીસ્ટન્ટ / એટેન્ડર / વોચમેન / માળી માટેની અરજી'** એમ લખવું.

જો ઉમેદવાર એક કરતા વધુ જગ્યા માટે અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ દરેક જગ્યા માટે અલગ અરજી આપવાની રહેશે. બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન અરજીની ચકાસણી / પસંદસૂચી માટેનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૩-૨-૨૦૧૬** **સહ નિયામક**



સંવિધાન સે સ્વાભીમાન -ગાંધીનગર ટાઉનહોલ ખાતે પ્રદેશ કોંગ્રેસ દ્વારા જિલ્લા-તાલુકા પંચાયતોમાં વિજયી બનેલ અનુસૂચિત જાતિના પ્રતિનિધિઓનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી સુશીલકુમાર શીંદેએ દલિતોના અધિકારોના રક્ષણની હાકલ કરી હતી. આ પ્રસંગે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાયી સમિતિએ વેરા દરખાસ્તો ફગાવી

**વહીવટીય અને કન્ટીજન્સી ખર્ચમાં બચત સૂચવી : ચૂંટણી એ લક્ષ્ય નથી પણ નગરજનો પર ખોટો કરબોજ લાદવા નથી માગતા એ સ્પષ્ટ વાત છે : રાકેશ પટેલ ● વેરા વસુલી સઘન બનાવીશુ : મિલ્કતવેરાની વ્યવસાયવેરાની બાકી વસુલાત ૬૪ કરોડ છે : વિકાસનું વળતર કરકસર થકી આપીશુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં કમિશ્નર દ્વારા લાદવામાં આવેલા વેરાઓની દરખાસ્તને ફગાવી દઈ અને વહીવટીય ખર્ચ તેમજ કન્ટીજન્સી ખર્ચમાં ઘટાડો સૂચવી રૂ. ૨૬૯.૭૦ કરોડનું સુધારેલુ અંદાજપત્ર રજુ કર્યુ છે.

સ્થાયી સમિતિની આજે રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ સુધારેલુ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. સમિતિએ ઈન્ચાર્જ કમિશ્નરશ્રીએ સ્થાયી સમિતિએ કરેલા રૂ. ૯૦.૧૦ કરોડના વિકાસકામોની દરખાસ્ત સરકારશ્રીને મંજૂરી માટે મોકલી આપવા કમિશ્નરશ્રીને અભિનંદન આપ્યા હતા.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ચેરમેન શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે ચૂંટણી એ અમારૂ લક્ષ્ય નથી પરંતુ વસુલાત વધુ સઘન કરી અને સીમીત સેવાઓનું સુદ્દઢીકરણ એ સંકલ્પ છે એટલુ જ નહિ હાલ પ્રજાને મોંઘવારીમાં રાહત મળે અને વેરા-ભારણ વધે નહિ તેમજ અચ્છે દિનની સાચા અર્થમાં અનુભૂતિ કરાવનારૂ અમારૂ સુધારા સાથેનું અંદાજપત્ર છે.

તેમણે જણાવ્યુ હતુ કે વહીવટીય ખર્ચમાં રૂ. ૧૦ કરોડની બચત સૂચવી છે તો કન્ટીજન્સી ખર્ચમાં ખર્ચ રૂ. ૪ કરોડની બચત સૂચવી છે. આમ ૧૪ કરોડ રૂ.ની

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામસભાઓમાં મહિલાઓની પાંખી હાજરી

**૫૦ ટકાથી વધુ પ્રશ્નો પડતર રહ્યા : સૌથી વધુ મોળો પ્રતિસાદ કલોલ તાલુકામાં મળ્યો : તંત્ર ચિંતાતુર**

ગાંધીનગર, તા. ૩

મહિલા સશક્તિકરણ અંગે સરકારની વાતો પછી પણ ગ્રામસભા અભિયાનમાં માત્ર જિલ્લામાંથી ૧૧,૫૪૩ મહિલાઓએ જ ભાગ લીધો હતો. જોકે જિલ્લામાંથી માત્ર ૩૯,૮૨૮ લોકો જ અભિયાનમાં જોડાયા હતા તે અભિયાનની નિષ્ફળતાનો પુરાવો છે.

૨૦ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલ આ ગ્રામસભા અભિયાનમાં ગુણોત્સવ દરમ્યાન એટુ ઝેડ ફોર્મમાં રજુ થયેલા પ્રશ્નો કરતા પણ ઓછા પ્રશ્નો રજુ થતાં તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. ગુણોત્સવમાં ૪૩૮ પ્રશ્નો આવ્યા હતા જ્યારે ગ્રામસભામાં ૪૩૬ પ્રશ્નો રજુ થયા છે. આ ગ્રામસભા અભિયાનમાં ૫૦ ટકા કરતાં વધુ પ્રશ્નો પડતર રહેવા પામ્યા છે. ૨૩૩ પ્રશ્નો નિકાલ થયા વગરના રહ્યા છે જ્યારે ૨૦૩ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થઈ ગયો હતો.

જે પ્રશ્નો પડતર રહ્યા છે તેમાં માણસાના ૭૩, ગાંધીનગરના ૬૬, કલોલના ૧૫ અને દહેગામના ૭૯ પ્રશ્નોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ગ્રામસભા અભિયાનમાં સૌથી વધુ લોકો દહેગામ તાલુકામાં જોડાયા હતા. જ્યાં ૮૫૨૪ પુરૂષ અને ૪૯૪૬ મહિલાઓ જોડાઈ હતી. જ્યારે સૌથી નબળો પ્રતિસાદ કલોલ તાલુકામાં મળ્યો છે જ્યાં માત્ર ૭૦૪૨ લોકો જ આ અભિયાનમાં જોડાયા હતા. જેમાં ૫૪૧૦ પુરૂષ અને ૧૬૩૨ મહિલાઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં ૧૦૦૬૮ લોકો અભિયાનમાં જોડાયા હતા જ્યારે માણસામાં ૯૨૪૮ લોકો જોડાયા હતા.

સૌથી વધુ પ્રશ્નો દહેગામમાં ૧૮૨, ગાંધીનગરમાં ૧૦૨, માણસામાં ૯૯ અને કલોલમાં ૫૩ પ્રશ્નો રજુ થયા હતા. આમ ગ્રામસભા દીઠ ૧.૫ પ્રશ્ન રજુ થયો હતો.



મહિલા સુરક્ષા - સચિવાલય ખાતે મુખ્યમંત્રીના અધ્યક્ષ પદે મહિલા સુરક્ષા સંદર્ભે ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ હતી. ગૃહ વિભાગના અધિકારીઓ અને બાળ-મહિલા કલ્યાણ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં મહિલા સુરક્ષાના અનેક પાસાઓની ચર્ચા-વિચારણા કરાઈ હતી. આ બેઠકમાં રાજ્ય ગૃહમંત્રીશ્રી રજનીકાંત પટેલ, રાજ્ય શિક્ષણ મંત્રી વસુબેન ત્રિવેદી તથા બાળ-મહિલા વિકાસ બોર્ડના ચેરમેન જાગૃતિબેન પંડ્યા અને ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હવે, પ્રાથમિક શાળાના બાળકોને પ્રાર્થના બાદ જુની ચિકિત્સા પદ્ધતિઓની જાણકારી અપાશે

**પમી ફેબ્રુઆરીએ જિલ્લાના ૨૦ અધિકારીઓ આ જ્ઞાન-સમૃદ્ધિ અભિયાનનો આરંભ કરાવશે**

ગાંધીનગર, તા. ૩

આગામી પમી ફેબ્રુઆરીથી જિલ્લાની ૬૯૪ પ્રા. શાળામાં પ્રાર્થના બાદ જુની ચિકિત્સા પદ્ધતિઓની જાણકારી બાળકોને પ્રાપ્ત થાય તેમજ તુલસી, બિલી, ઋતુચક્ર અને આહાર, રસોડાના ઔષધ, યોગ સહિતની બાબતોનું વિશેષ વાંચન કરાવાશે.

જિલ્લાની આયુર્વેદ શાખા દ્વારા આ માટે ૪૦ પાનાની એક વિશેષ પુસ્તિકા પણ તૈયાર કરવામાં આવી છે.

પમી ફેબ્રુઆરીના રોજ જિલ્લાના ૨૦ જેટલા અધિકારીઓ જિલ્લાની ખાસ પસંદ કરાયેલ શાળાઓમાં આ કાર્યનો શુભારંભ કરાવશે.

મળતી વિગતો પ્રમાણે આ માટે અધિકારીઓને શાળાઓની ફાળવણી કરતા આદેશો પણ જારી

● અનુસંધાન પાન-૭ પર

# સિટી પલ્સના ભાગીદાર બિલ્ડર પર હિચકારો હુમલો

**અર્પિત મહેતા અને ડ્રાઇવરને માર મારવામાં આવ્યો બંનેને વધુ સારવારના માટે સેલ્બી હોસ્પિટલમાં ખસેડાયા**

અમદાવાદ, તા.૩

સિટીપ્લસ મલ્ટિપ્લેકસ પ્રા.લિ.ના ભાગીદાર અને લવકુશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માલિક અર્પિત રજનીકાંતભાઈ મહેતા પર ગઈકાલે મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં અર્પિતભાઈ અને તેમના ડ્રાઈવરને માર માર્યો હતો. ઈજાગ્રસ્ત અર્પિતભાઈ અને તેમના ડ્રાઈવરને સારવાર અર્થે શેલ્બી હોસ્પિટલમાં ખસેડવવામાં આવ્યા હતા. આ ઘટનાની નવરંગપુરા પોલીસને જાણ કરતાં તાબડતોડ ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ અંગે ફરિયાદી અર્પિત મહેતાએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રો મુજબ, શહેરના નવા વાડજના સ્વસ્તિક સ્કુલ પાસે આવેલી કરૂણા સોસાયટીમાં અર્પિત રજનીકાંતભાઈ મહેતા (ઉ.વ.૫૨) તેમના પરીવાર સાથે રહે છે. તેઓ સિટીપ્લસ મલ્ટિ પ્લેકસ થિયેટરના ભાગીદાર તેમજ લવકુશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ના માલિક છે. ગઈકાલે મોડી રાત્રે અર્પિતભાઈ સી જી રોડ પર સચેત કોમ્પલેક્સમાં આવેલી ઓફીસ નીચે તેમના મિત્ર મનીષભાઈ અને ડ્રાઈવર અજયદત્ત સાથે ઉભા હતા અને વાતચીત કરી રહ્યા હતા. તે દરમ્યાન એક શખ્સ અર્પિતભાઈ પાસે આવ્યો અને પૈસા કેમ નથી આપતો તેમ કહીને તેમજ બીભત્સગાળી બોલી લાંફો મારી દીધો હતો. જેમાં અર્પિતભાઈ અને શખ્સ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝધડો થયો હતો. તે દરમ્યાન બે કારના હોન્ડાઆઈ ૨૦ કાર નં. જીજે-૧ કેએન-૯૦૭૩ તેમજ ડસ્ટર કારમાંથી છ થી સાત શખ્સો

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com